Paper Code - 3026

B.Sc. Semester-I (Old Course)
July - Sept -2021
Invertebrate Zoology: I (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. સજીવો વચ્ચેની સમાનતા અને વિભિન્નતાને આધારે તેમને નાના મોટા સમૂહમાં વહેંચવાની વૈજ્ઞાનિક પદ્ધતિને શું કહે છે ?
   A. વર્ગ B. વર્ગીકરણ C. સમુદાય D. એક પણ નહીં
2. સૌપ્રથમ સજીવોને વર્ગીકૃત કરવાનો પ્રયત્ન કયા વૈજ્ઞાનિકે કરેલો ?
   A. એરિસ્ટોટલ B. જ્હોન-રે C. કાર્લ લિનીયસ D. આપેલ એક પણ નહીં
3. આધુનિક વર્ગીકરણ અને નામકરણના પ્રણેતા કોને માનવામાં આવે છે ?
   A. કાર્લ લિનિયસ B. એરિસ્ટોટલ C. જ્હોન-રે D. એક પણ નહીં
4. 'સિસ્ટેમા નેચર' નામનું પુસ્તક કઈ સાલમાં પ્રકાશિત થયેલું ?
   A. ૧૭૫૮ B. ૧૮૫૮ C. ૧૯૫૮ D. ૧૬૯૮
5. કયા વૈજ્ઞાનિકોએ સજીવ સૃષ્ટિને બે સૃષ્ટિમાં વહેંચી હતી ?
   A. જ્હોન-રે અને લિનિયસ B. આઈકલર થી વ્હીટેકર C. આપેલ બંને D. આપેલ એક પણ નહિ
6. કયા વૈજ્ઞાનિકે સજીવોનું વર્ગીકરણ કોષની રચના અને પોષણને અનુલક્ષીને કર્યું ?
   A. વ્હીટેકર B. આઈકલર C. જ્હોન-રે D. એક પણ નહીં
7. કયા સૃષ્ટિના સજીવોમાં કોષ બંધારણ હોતું નથી ?
   A. એકેરીયોટા B. પ્રોકેરીયોટા C. યુકેરીયોટા D. એક પણ નહીં
8. કયા સૃષ્ટિના સજીવોના બંધારણમાં કોષ પ્રાથમિક કક્ષાનું હોય છે ?
   A. એકેરીયોટા B. પ્રોકેરીયોટા C. યુકેરીયોટા D. એક પણ નહીં
9. કયા સૃષ્ટિના સજીવોના કોષનું બંધારણ સુવિકસિત હોય છે ?
   A. એકેરીયોટા B. યુકેરીયોટા C. પ્રોકેરીયોટા D. એક પણ નહીં
10. કયા સજીવો પોષણની દ્રષ્ટિએ મૃતોપજીવી હોય છે ? Which organisms are dead organisms in terms of nutrition?
    A. અમીબા B. પેરામિશિયમ C. ફૂગ D. આપેલ એક પણ નહીં
11. મેટાફાઇટ જૂથમાં કયા સજીવ નો સમાવેશ થાય છે ?
    A. પ્રાણી B. વનસ્પતિ C. આપેલ બંને D. આપેલ એક પણ નહીં
12. દેડકાનું વૈજ્ઞાનિક નામ શું છે?
    A. ઇક્થીયોફીશ B. રાના ટાઇગ્રીના C. રાના D. એક પણ નહીં
13. જો કોઈ પ્રાણીમાં આવેલા શારીરિક ખંડો એકબીજા કરતા જુદા હોય તો તેને કેવી સમખંડતા કહે છે ?
    A. સમાન સમખંડતા B. વિષમ સમખંડતા C. બાહ્ય સમખંડતા D. ખોટી સમખંડતા
14. કયા પ્રાણીઓની અંદર સંપૂર્ણ સમખંડતા જોવા મળે છે ?
    A. નુપુરક સમુદાયના પ્રાણીઓ B. સંધીપાદ સમુદાયના પ્રાણીઓ
    C. સુત્રકૃમિ સમુદાયના પ્રાણીઓ D. પૃથુકૃમિ સમુદાયના પ્રાણીઓ
15. જે પ્રાણીઓમાં કશાઓની હાજરી જોવા મળે છે તેવા પ્રાણીઓનો કયા વર્ગમાં સમાવેશ કરવામાં આવે છે ?
    A. મૂલપાદ B. બીજાણુજની C. કશાધારી D. પક્ષ્મધારી
16. પ્લાસ્મોડીયમ કયા વર્ગનું પ્રાણી છે?
    A. મૂલપાદ B. બીજાણુજની C. કશાધારી D. એક પણ નહીં
17. અમીબા કયા સમુદાયનું પ્રાણી છે?
    A. પ્રજીવ સમુદાય B. પૃથુકૃમી સમુદાય C. સૂત્રકૃમિ સમુદાય D. આપેલ એક પણ નહીં
18. મેલેરિયા નામનો રોગ કયા પ્રજીવથી ફેલાય છે?
    A. પ્લાઝમોડીયમ B. અમીબા C. આપેલ બંને D. આપેલ એક પણ નહીં
19. કયા પ્રાણીઓમાં અલિંગી પ્રજનન કલિકાસર્જન દ્વારા થાય છે?
    A. પ્લાઝમોડિયમ B. વાદળી C. અમીબા D. એક પણ નહીં
20. ગ્રેન્શિયા કયા વર્ગનું પ્રાણી છે?
    A. સૂચિનો B. વાદળી C. ષડાકુશી D. એક પણ નહીં
21. કયા વૈજ્ઞાનિકે સૌપ્રથમ કોષ્ઠાત્રી સમુદાય એવું નામ આપેલું ?
    A. લિનીયસ B. લ્યુકાર્ટ C. આપેલ બંને D. આપેલ એક પણ નહીં
22. ડંખકોષો કયા સમુદાયના પ્રાણીઓમાં જોવા મળે છે?
    A. સંધિપાદ B. નુપૂરક C. કોષ્ઠાત્રી D. એક પણ નહીં
23. ઓરેલીયા કયા વર્ગનું પ્રાણી છે?
    A. છત્રક B. જલજ C. પુષ્પક A. એક પણ નહીં
24. હાઇડ્રામાં પ્રચલન માટે કઈ-કઈ પદ્ધતિઓ જોવા મળે છે ?
    A. ગ્લાઇડીગ પદ્ધતિ B. પાશ પદ્ધતિ C. ચાલન પદ્ધતિ D. આપેલ ત્રણેય

25. પેપીલી નામની જનનકંટીકાઓ કયા પ્રાણીઓમાં જોવા મળે છે?
A. પ્લેનેરીયા B. કરમિયું C. પટ્ટીકૃમિ D. આપેલ એક પણ નહીં

26. માદા કરમિયું એક સાથે કેટલા ઈંડા મૂકે છે?
A. ૧૫ હજાર થી ૨૦ હજાર B. ૧૦ હજાર થી ૧૧ હજાર C. ૯ હજાર થી ૧૦ હજાર D. ૫ હજાર થી ૧૦ હજાર

27. કયા વૈજ્ઞાનિકે સૌપ્રથમ કોષનું નિરીક્ષણ કર્યું?
A. કાર્લ લિનીયસ B. જ્હોન-રે C. રોબર્ટ હૂક D. આપેલ એક પણ નહીં

28. માઇક્રોસ્કોપની શોધ કયા વૈજ્ઞાનિકે કરી?
A. લિનીયસ B. રોબર્ટ હૂક C. એન્ટોની વાન લ્યુવેન હોક D. આપેલ એક પણ નહીં

29. કોષવાદ કયા વૈજ્ઞાનિકોએ આપ્યો?
A. રોબર્ટ હૂક B. ડાર્વિન C. શ્લેઇડન D. એન્ટોની વાન લ્યુવેન હોક

30. પ્રાણી કોષમાં કેટલા પ્રમાણમાં કોષરસની હાજરી જોવા મળે છે?
A. ૫૦ થી ૬૦% B. ૬૦ થી ૭૦% C. ૭૫ થી ૮૦% D. ૪૫ થી ૭૦%

31. કોષની અંદર પ્રોટીનની ફેક્ટરી તરીકે કોને ઓળખવામાં આવે છે?
A. ગોલ્ગીકાય B. અંતઃકોષરસજાળ C. રીબોઝોમ્સ D. આપેલ ત્રણેય

32. ગોલ્ગીકાયનો અભ્યાસ સૌપ્રથમ કયા વૈજ્ઞાનિકે કર્યો?
A. રોબર્ટ હૂક B. કેમીલો ગોલ્ગી C. ડાર્વિન D. શ્લેઇડન

33. આત્મઘાતી કોથળી તરીકે કોને ઓળખવામાં આવે છે?
A. ગોલ્ગીકાય B. રીબોઝોમ્સ C. લાયસોઝોમ D. અંતઃકોષરસજાળ

34. કણાભસૂત્રનો સૌપ્રથમ અભ્યાસ કયા વૈજ્ઞાનિકે કર્યો?
A. લિનિયસ B. જ્હોન-રે C. ફ્લેમીંગ D. આપેલ એક પણ નહીં

35. કોષકેન્દ્રની શોધ કઈ સાલમાં કરવામાં આવેલી?
A. ૧૮૩૧ B. ૧૮૩૩ C. ૧૮૩૪ D. ૧૮૩૭

36. કોષવિભાજન કેટલા પ્રકારે જોવા મળે છે?
A. 1 B. 2 C. 3 D. 4

37. રેશમના કીડામાં કયા પ્રકારનું રૂપાંતરણ જોવા મળે છે?
A. અપૂર્ણ B. સંપૂર્ણ C. જટિલ D. આપેલ એક પણ નહીં

38. મોતી ઉદ્યોગના પિતા તરીકે કોણ ઓળખાય છે?
A. ડાર્વિન B. કોકીચી મિકિમોટો C. લીનીયસ D. જ્હોન-રે

39. મોતીછીપનું બાહ્યસ્તર શેનું બનેલું હોય છે?
A. $CaCO_3$ B. કેલ્સિયમ C. કોન્ચીઓલીન D. ક્યુટીકલ

40. મોતીછીપમાં આવેલ પ્રાવાર કેટલા સ્તરનું બનેલું હોય છે?
A. 3 B. 6 C. 8 D. 9

41. મોતીના બંધારણમાં કેટલા પ્રમાણમાં કેલ્શિયમ કાર્બોનેટ આવેલું હોય છે?
A. 60 % B. 70 % C. 80 % D. 90 %

42. મધમાખી કયા વર્ગનું પ્રાણી છે?
A. સ્તરકવચી B. કીટક C. સંધીપાદ D. આપેલ એક પણ નહીં

43. મધમાખીની મુખ્યત્વે કેટલી જાતો જોવા મળે છે?
A. 2 B. 4 C. 6 D. 8

44. એપીસ ઈન્ડીકા નામની મધમાખીમાંથી પ્રતિ વર્ષ કેટલા કિલો ગ્રામ મધ પ્રાપ્ત થાય છે?
A. 2 – 3 kg B. 4 – 5 kg C. 5 – 6 kg D. 6 – 7 kg

45. મધપુડામાં રહેલી રાણીનું કદ કેટલું હોય છે? What is the size of the queen in the hive?
A. 10 to 11 mm B. 11 to 13 mm C. 15 to 20 mm D. 10 to 12 mm

46. 2 ગ્રામ મધમાંથી કેટલા કિલો કેલેરી ઉર્જા મળે છે?
A. 57 B. 67 C. 77 D. 87

47. ઝીંગા ઉછેરના કેટલા પ્રકારો જોવા મળે છે?
A. 2 B. 4 C. 6 D. 8

48. ઝીંગાના બાળ પ્રાણીને કેટલા pH ધરાવતી પાણીની ટાંકીમાં રાખવામાં આવે છે?
A. 7 to 8pH B. 5 to 6pH C. 6 to 7pH D. 4 to 5pH

49. ભારત પાસે ખંડીય છાજલી ધરાવતો કેટલા કિલોમીટર લાંબો વિસ્તાર જોવા મળે છે?
A. 1600 B. 2400 C. 4500 D. 5500

50. ઝીંગાનો ટેસ્ટ જાળવી રાખવા માટે તેને શેમાં રાખવામાં આવે છે?
A. નાઇટ્રોજન B. કાયોજેનિક નાઇટ્રોજન C. કાર્બન ડાયોક્સાઈડ D. એક પણ નહીં